# સંક્રમણ સ્થિર : શહેરમાં નવા ૧૫ અને ગ્રામ્યમાં નવા ૨૪ કેસ

## દહેગામમાં ૪, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૧૧ કેસ, માણસામાં 3 કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૯માં 3 કેસ, સે. ૧ માં બે કેસ, કુડાસણ અને રાંદેસણમાં બે-બે કેસ આ ઉપરાંત સે. 3, ૧૯, અંબાપુર, કોબા, રાયસણ, સરગાસણમાંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયું છે. છેલ્લા બે દિવસથી કેસોમાં શરૂ થયેલો ઘટાડો આજે પણ યથાવત્ રહેવા પામ્યો છે. શહેરમાં આજે નવા ૧૫ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ નવા કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનને લઈ કેસો વધી રહ્યા છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ તેમજ મોટીવયના અને ટીનેજર્સમાં કેસની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. આ ઉપરાંત છેલ્લા ત્રણેક દિવમાં ૬ જેટલા દર્દીઓને સઘન સારવાર માટે દાખલ કરવામાં આવી રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

લોકલ ટ્રાન્સમિશનને નિયંત્રણમાં લેવા માટે તંત્રએ માઈક્રો કન્ટેનમેન્ટ પોલીસીના અસરકારક અમલીકરણ સાથે દર્દીઓના મોનીટરીંગ અને આઈસોલેશનના નિયમોના અસરકારક અમલીકરણની નીતિ અમલી બનાવી છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો નોંધાયો છે.

શહેર-જિલ્લામાં આજે ૫૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૮ દર્દી અને ગ્રામ્યમાં ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫ નવા કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા, ૪ દર્દી ૬૦થી વધુ વયના છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દીને સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૯માં ૩ કેસ, સે. ૧માં બે કેસ, કુડાસણ અને રાંદેસણમાં બે-બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૩, ૧૯, અંબાપુર, કોબા, રાયસણ, સરગાસણમાંથી પણ કેસ મળી આવેલ છે.

કોબામાં ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તેણીનીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસમાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોનાના હળવા લક્ષણો હોવાથી લોકોના હોમ આઈસોલેશનના વિકલ્પની પસંદગીને મંજૂરી આપવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકો વધુ પસંદ કરી રહ્યો હોવાથી તંત્રએ પણ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક કરવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૨૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી તેમજ અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રન ચિંતા વધી છે. તંત્રએ ટેસ્ટીંગ વધારવા તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા માટે તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૨૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૧૨ મહિલા દર્દી, પાંચ દર્દી ૬૦થી વધુ વયના નોંધાયેલા છે.

દહેગામમાં ૪, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૧૧ કેસ, માણસામાં ૩ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના ખાખરા, ખાનપુરમાંથી ૧-૧ કેસ ઉપરાંત રખિયાલ ગામેથી બે કેસ મળ્યા છે.

ગાંધીનગર તાલુકાના સાદરા ગામેથી ૩ કેસ, રૂપાલમાંથી ૨ કેસ તેમજ દોલારાણા વાસણા ગામેથી એક કેસ નોંધાયેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૩, ડીંગુચામાંથી ૨, પાનસરમાંથી ૨ કેસ ઉપરાંત બોરીસણા, નારદીપુર, રાંચરડા અને ઉનાલી ગામેથી કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી માણસા શહેરમાંથી બે કેસ અને વાગોસણા ગામેથી એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ દર્દીઓ સાથે જિલ્લામાં ૧૮૦થી વધુ એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

# જુના સચિવાલયમાં કચરાના ઢગલે ઢગલા

## જુના સચિવાલયની કેન્ટીનની પાછળ કચરાના ખડકલા થયા : આખા સચિવાલયનો કચરો અહીં ઠલવાતા કર્મચારીઓ ભારે દુર્ગંધ વચ્ચે બેસવા મજબૂર



ગાંધીનગર, તા. ૬

ક્લીનસીટી, ગ્રીનસીટી અને સ્માર્ટસીટીની ગુલબાંગો વચ્ચે શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગ ઉભરાઈ રહ્યા છે. અરે જ્યાંથી સ્વચ્છતા સહિતની વિવિધ યોજનાઓનું અમલીકરણ થાય છે એવા જુના સચિવાલયમાં કચરાના ઢગલે ઢગલા જોવા મળે છે. ખાસ કરીને કેન્ટીનની પાછળના વિસ્તારમાં તો કચરાનો ખડકલો થયો છે.

જુના સચિવાલયમાં ગંદકી અને કચરાના ઢગલાની વારંવાર ફરીયાદો થાય છે. ડૉ. જીવરાજ મહેતા ભવન એટલે કે જુના સચિવાલય તરીકે ઓળખાતા બ્લોક્સમાં અનેક સરકારી કચેરીઓ આવેલી છે. કમિશનર કક્ષાની કચેરીઓમાંથી વિવિધ યોજનાઓનું અમલીકરણ થાય છે. જો કે અહીં જ સ્વચ્છતાનો સદંતર અભાવ જોવા મળે છે. કચેરીઓમાં સાફ-સફાઈ થતી નથી. શૌચાલયો ખુબ જ ગંદા અને મેન્ટેનન્સ વિનાના છે. અહીં આવેલી કચેરીઓમાં અવારનવાર રીનોવેશન કરાવવુ પડે છે અને રીનોવેશનનો કચરો અહીં જ ઠલવાય છે જેના કારણે ઠેર ઠેર કચરો જોવા મળે છે.

આ ઉપરાંત કેન્ટીનની પાછળના ખુલ્લા ભાગમાં તો કચરાના ઢગલે ઢગલા ઉભરાય છે. બધી કચેરીઓનો કચરો અહી ઠલાવાતા આ વિસ્તાર જાણે ડમ્પીંગ સાઈટ બની ગયુ છે.

કેન્ટીનનો એઠવાડ પણ અહીં ઠલવાતા સડેલા ખાદ્યપદાર્થોની અહીં ખુબ દુર્ગંધ ફેલાય છે. શહેરમાં ભલે ઘરે ઘરેથી કચરો ઉઠાવવામાં આવે પરંતુ જુના સચિવાલયમાંથી કચરો ઉપાડવામાં ન આવતા કેમ્પસમાં જ સફાઈ કરનારી એજન્સીઓ કચરો નાંખી દે છે. વરસાદના કારણે કચરા સડે છે, કોહવાય છે જેના કારણે અહીં ખુબ દુર્ગંધ ફેલાય છે.

દુર્ગંધના કારણે આસપાસની બિલ્ડીંગના કર્મચારીઓને ખુબ સહન કરવુ પડે છે. માખી-મચ્છરોનો ઉપદ્રવ ફેલાયો છે. જેના કારણે રોગચાળાની ભીતિ ઉભી થઈ છે.

જૂના સચિવાલયની વિવિધ કચેરીઓમાં અને કેમ્પસમાં ઝડપથી સફાઈ ઝુંબેશ શરૂ કરી અહીં સ્વચ્છતા જાળવવી ખુબ જરૂરી છે. મનપા દ્વારા કોઈ પગલાં લેવામાં આવે તેવી કર્મચારીઓની માંગ છે.

## પી.કે. ચૌધરી કોલેજમાં કોરોના જાગૃતિ અંગે વ્યાખ્યાન યોજાયું



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કોરોના જાગૃતિ અંગેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં કોરોના થતો અટકાવવા અને કોરોનાથી બચવા તેમજ કોરોના બાદની આરોગ્યની પરિસ્થિતિ સુધારવા અંગેના સૂચનો અને ચર્ચા કરવામાં આવી હતી. પ્રિ.ડો.એમ.એમ.ચૌધરીએ તમામ વિદ્યાર્થીનીઓને કોરોના બાબતે જાગૃત રહેવા અને અગમચેતીપૂર્વકના પગલા ભરવા સમજણ આપી હતી. આ અંગેની સમજ ચૌધરી નર્સિંગ કોલેજમાંથી રોનક પટેલ ગ્રૃપ દ્વારા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી.




કોઈ ફરિયાદ બાબતે ફરિયાદીને પોલીસ સ્ટેશનના ધક્કા ન ખાવા પડે તે માટે ઈ-એફઆઈઆર અભિગમ અપનાવાયો છે. ઈ-એફઆઈઆર અંગે જનજાગૃત્તિ લાવવાના હેતુથી સેક્ટર-૭ પોલીસ સ્ટેશન દ્વારા જન જાગૃત્તિનો કાર્યક્રમ યોજાયો હતો. જનતાને ઈ-એફઆઈઆર કેવી રીતે કરવી તે અંગે જાણકારી આપવામાં આવી હતી.

# ઈસરોએ ગુજકોસ્ટને "સ્પેસ ટ્યુટર" તરીકે માન્યતા આપી

## અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીની બાળકો અને નાગરિકોના અવકાશ અંગેના શિક્ષણ, જોડાણ અને સશક્તિકરણમાં પ્રેરણાદાયી ભૂમિકા

ગાંધીનગર, તા. ૦૬

બાળકો અને સામાન્ય નગરિકોમાં અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિશે શિક્ષિત, સંલગ્ન અને ઉત્સાહિત કરવા માટે, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી - ગુજકોસ્ટને સ્પેસ એજ્યુકેશન અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ માટે ઈસરોના "સ્પેસ ટ્યુટર"ની માન્યતા પ્રાપ્ત થઈ છે. ઈસરોના સ્પેસ ટ્યુટર તરીકે, ગુજકોસ્ટ રસપ્રદ અને નવીન અવકાશ વિજ્ઞાન જાગૃતિ કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃત્તિઓની રચના અને વિકાસ કરશે અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય નાગરિકો સાથે સ્પેસ ટેક્નોલોજી વિશે રુચિ અને સમજણ ફેલાવવા માટે તેનું સંકલન કરશે.

ગુજકોસ્ટ સમગ્ર રાજ્યમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો, સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રોનું મજબૂત નેટવર્ક ધરાવે છે અને સમાજના લાભ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીની સમજ અને જાહેર જોડાણ માટે પોતાને સમર્પિત છે. ગુજકોસ્ટ પ્રિન્ટ, ડિજિટલ અને સોશિયલ મીડિયા બંને ફોર્મેટમાં તેની સંબંધિત સામગ્રી અને સંદર્ભ સાથે ગુણવત્તાયુક્ત કાર્યક્રમો અને આઉટરીચ પ્રવૃત્તિઓના ડિઝાઈન અને પ્રસારમાં ખૂબ સક્રિય છે. ગુજકોસ્ટ તેના આરએસસી અને સીએસસી નેટવર્ક સાથે રાજ્ય અને દેશમાં વિજ્ઞાન સંચારને નવી ઊંચાઈએ લઈ જાય છે.

ઈસરોએ સમગ્ર દેશમાં કુલ ૨૮ સ્પેસ ટ્યુટર્સને માન્યતા આપી છે. ઈસરોની માન્યતા ધરાવતા ગુજકોસ્ટની સ્પેસ ટ્યુટર ટીમ આગામી પેઢીના વિદ્યાર્થીઓના વર્ગખંડોમાં અવકાશ પ્રત્યેની ઉત્સુક્તા તેમજ સામાન્ય નાગરિકોને તેમના જીવન અને આજીવિકા માટે અવકાશના ફાયદાઓ વિશે માહિતગાર કરશે



સેક્ટર-૫-એ શિવશક્તિ મંદિર ખાતે ફૂટના હિંડોળા યોજાયા હતા. રાધાકૃષ્ણ મહિલા મંડળે ખુબ જ જહેમતથી આ હિંડોળા તૈયાર કર્યા હતા. ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

# જિલ્લામાં યુવા ઉત્સવ યોજાશે

## ૧૫ થી ૨૯ વર્ષની ઉંમરના વ્યક્તિઓ સહભાગી બની શકશે : ત્રણ વિભાગમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા યુવા-ઉત્સવ-૨૦૨૨-૨૩ યોજાનાર છે. યુવા ઉત્સવનું ૧૫ થી ૨૯ વર્ષની વયજુથમાં ત્રણ વિભાગમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક વિભાગ ૧૫ થી ૨૦ વર્ષ, બીજો વિભાગ ૨૦ થી ૨૯ વર્ષ અને ત્રીજો વિભાગ ૧૫ થી ૨૯ વર્ષ ની ઉંમરના વ્યક્તિઓનો હશે. યુવા ઉત્સવમાં સાહિત્ય વિભાગમાં વકૃતત્વ, નિબંધ, પાદપુર્તિ, ગઝલ- શાયરી લેખન, કાવ્ય લેખન, દોહા છંદ ચોપાઈ અને લોકવાર્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કળા વિભાગમાં સર્જનાત્મક કારીગરી અને ચિત્રકલા રહેશે. સાંસ્કૃતિક વિભાગમાં લગ્નગીત, હળવું કંઠય સંગીત, લોકવાદ્ય, ભજન, સમૂહગીત, એક પાત્રીય અભિનયનો સમાવેશ કરવામાં આવ્યો છે. લોકનૃત્ય, લોકગીત, એકાંકી (હિન્દી/ અંગ્રેજી), શાસ્ત્રીય કંઠ્ય સંગીત, કર્ણાટકી સંગીત, સિતાર, વાંસળી, તબલા, વીણા, મૃદંગમ, હાર્મોનિયમ(હળવું), ગીટાર, શાસ્ત્રીય નૃત્ય- ભરત નાટ્યમ, મણીપુરી, ઓડીસી, કથ્થક અને કુચીપુડી તથા શીઘ્ર વક્તૃત્વ ( હિન્દી – અંગ્રેજી) સ્પર્ધા ઓનલાઈન યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ એન્ટ્રી સાથે ડીવીડી અથવા પેન ડ્રાઈવ મોકલવાની રહેશે. આ સ્પર્ધાઓ તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, પ્રદેશ કક્ષા અને રાજ્ય કક્ષાએ યોજાશે. યુવા ઉત્સવમાં સહભાગી થવા માંગતા ઉમેદવારોએ પોતાના નામ, સરનામું, મોબાઈલ નંબર જન્મ તારીખ અને ઉમંર, સ્પર્ધાનું નામ તથા ઈ-મેઈલ આઈ.ડી લખી તથા આધારકાર્ડની નકલ સાથે રાખીને અરજી કરવાની રહેશે. આ અરજી તા. ૨૩-૦૮-૨૦૨૨ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમતની કચેરી, સહયોગ સંકુલ, ''સી'' વિંગ્સ, છઠ્ઠો માળ, ગાંધીનગર ખાતે જમા કરવાની રહેશે. તા.૨૩-૦૮-૨૦૨૨ પછી આવનાર એન્ટ્રી સ્વીકાર્ય રહેશે નહી, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

## સે. ૭ સૌરાષ્ટ્ર સમાજની વાડીમાં રાખી શોપિંગનું આયોજન



ગાંધીનગર, તા. ૬

સેક્ટર-૭, સૌરાષ્ટ્ર સમાજની વાડીમાં એસી હોલ ખાતે તા. ૬-૮-૨૨ અને ૭-૮-૨૨ના રોજ સવારે ૧૦ થી ૯ દરમ્યાન રાખી શોપીંગ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સિબિશનમાં તહેવારો અને શુભ પ્રસંગોને ધ્યાનમાં રાખીને જ્વેલરી, ડાયમંડ જ્વેલરી, વેડિંગ સાડી, ડીઝાઈનર વેર, બ્યુટી કોસ્મેટીક્સ, હેન્ડલુમ, હર્બલ પ્રોડક્ટ આ સિવાય લેડિઝની લાઈફ સ્ટાઈલની તમામ પ્રોડક્ટ ઉપલબ્ધ રહેશે. આ રાખી શોપીંગ મેલાનું આયોજન આર.જે. ઈવેન્ટના ફાઉન્ડર જાનવી રાવલ દ્વારા કરવામાં આવ્યું છે.

## ખાડા અને ભૂવાઓના પગલે જીવ પડીકે લઇને ફરતા નાગરિકો



વરસાદના કારણે શહેરમાં વહીવટીતંત્રની નવી પાઈપલાઈન નાંખવાની કામગીરી બાદ માટી પુરાણની કામગીરી કેટલી નબળી છે તે છતી થઈ જવા પામી છે. શહેરમાં અનેક ઠેકાણે જોખમી ખાડાઓ અને ભૂવાઓ સર્જાયા છે જેના કારણે શહેરીજનોનો રસ્તાઓ કે સર્કલો પાસેથી વાહન લઈને કે પગપાળા પસાર થતાં પણ જીવ પડીકે બંધાયેલો રહે છે.

## ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ખાતે દરિયાઈ સુરક્ષાના સંશોધન અંગે એમઓયુ થયા

ગાંધીનગર, તા. ૫

પ્રો. સંજય કે. ઝા, ડીન, સ્કૂલ ઓફ નેશનલ સિક્યુરિટી સ્ટડીઝ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગરને ૧ ઓગષ્ટ, ૨૦૨૨ના રોજ ૩૫મા નેવલ હાયર કમાન્ડ કોર્સના ઉદ્દ્ઘાટન માટે નેવલ વોર કોલેજ, ગોવામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન નૌકાદળના વડા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્ટાફ, એડમિરલ આર હરિ કુમાર અને એડમિરલ અરૂણ પ્રકાશ (નિવૃત્ત) અને એડમિરલ કરમબીર સિંઘ (નિવૃત્ત) હાજર રહ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૧માં, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત અને નેવલ વોર કોલેજ સરકાર, દરિયાઈ નિષ્ણાતો અને પ્રેક્ટિશનરો, શિક્ષણવિદો, ઉદ્યોગ અને અન્ય



હિસ્સેદારો સાથે સહયોગ દ્વારા ભારતમાં દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં નીતિ-સંબંધિત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

આ પ્રસંગે પ્રો. ઝા કે જેઓ NWC ખાતે વિઝિટીંગ ફેકલ્ટી પણ છે, તેમણે શૈક્ષણિક સહયોગ માટેના માર્ગો જેવા કે સંયુક્ત પરિષદો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે ક્ષેત્રની મુલાકાતો અને ભારતની દરિયાઈ અને દરિયાઈ સુરક્ષા પર ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો વિશે ચર્ચા કરી હતી.